ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

પંચમહાલ-દાહોદ

શનિવાર ૪ એપ્રિલ, ૨૦૨૬ | દાહોદ કાર્યાલય : સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785

દાહોદ નગરપાલિકાની ચૂંટણી પહેલા ધમધમાટ । દાહોદ પાલિકાની 36 બેઠકો માટે ભાજપની સેન્સ પ્રક્રિયા પૂર્ણ

દાહોદમાં 200થી વધુ દાવેદારોએ આપ્યા ઈન્ટરવ્યૂ

ત્રણ દિવસીય પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ, હવે ટિકિટ જાહેર થવાની અટકળો તેજ

ટિકિટ જાહેર થવાની રાહમાં રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ તેજ

નેતાઓ અને કાર્યકર્તાઓ બાયોડેટા સાથે પહોંચ્યા, શિસ્તબદ્ધ રીતે પ્રક્રિયા પૂર્ણ

દાહોદ જિલ્લામાં પક્ષની સ્થિતિ વધુ મજબૂત બનાવવા કવાયત

પ્રાદેશિક સમીકરણોને ધ્યાનમાં રાખીને ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે

(પ્રતિનિધિ) દાહોદ, તા. 3

દાહોદ જિલ્લામાં નગરપાલિકાની 36 બેઠકો માટે ભાજપ દ્વારા હાથ ધરાયેલી ત્રણ દિવસીય સેન્સ પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થતાં સંગઠને હાશકારો અનુભવ્યો છે. આ પ્રક્રિયામાં 200થી વધુ દાવેદારોએ ઈન્ટરવ્યૂ આપી પોતાની ઉમેદવારી નોંધાવી હોવાનું જાણવા મળ્યું છે. હવે આગામી સમયમાં પાર્ટી દ્વારા ટિકિટોની જાહેરાત થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

સેન્સ પ્રક્રિયા દરમિયાન ભાજપના જિલ્લાસ્તરના નેતાઓ, કાર્યકર્તાઓ અને દાવેદારોએ પોતાના બાયોડેટા તેમજ સમર્થકો સાથે હાજરી આપી હતી. સમગ્ર પ્રક્રિયા દરમિયાન શિસ્તબદ્ધ વાતાવરણ જોવા મળ્યું હતું. પક્ષ દ્વારા ઉમેદવારી માટે યોગ્યતા, કાર્યશૈલી, લોકપ્રિયતા અને પક્ષપ્રતિ પ્રતિબદ્ધતા જેવા માપદંડોને ધ્યાનમાં રાખીને નામો એકત્રિત કરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

નગરપાલિકા બેઠકો ઉપરાંત જિલ્લા પંચાયત માટે પણ દાવેદારીઓ નોંધાતાં રાજકીય ગતિવિધિઓમાં તેજી આવી છે. જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ સહિતના અગ્રણીઓએ પણ પોતાની દાવેદારી નોંધાવી હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. હવે વિવિધ સામાજિક અને પ્રાદેશિક સમીકરણોને ધ્યાનમાં રાખીને ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે તેવી શક્યતા છે. દાહોદ જિલ્લામાં પક્ષની સ્થિતિ વધુ મજબૂત બનાવવા માટે આ સેન્સ પ્રક્રિયાને મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

ઉમેદવારી જાહેર થાય તે પહેલાં જ પક્ષમાં અંદરખાને ખેંચતાણ તેજ, વિરોધ પક્ષો પણ મેદાનમાં સક્રિય

દાહોદ નગરપાલિકામાં ભાજપના આંતરિક જૂથોમાં 'મેન્ડેટ' માટે ભારે રસાકસીના એંધાણ

આપ અને કોંગ્રેસની સક્રિયતા વધતા ચૂંટણીમાં ત્રિકોણીય ટક્કરની સંભાવના

સ્થાનિક સંસ્થાઓમાં સત્તા જાળવી રાખવા માટે ભાજપના આંતરિક જૂથો વચ્ચે વધુ ખેંચતાણ સર્જાવાની શક્યતા.

(પ્રતિનિધિ) દાહોદ, તા. 2

સ્થાનિક સ્વરાજની ચૂંટણીની જાહેરાત બાદ દાહોદ નગરપાલિકાની નવ વોર્ડ માટે ભાજપમાં ઉમેદવારીના મેન્ડેટ મેળવવા આંતરિક જૂથો વચ્ચે ભારે રસાકસી જોવા મળી રહી છે. સેન્સ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હવે મેન્ડેટ જાહેર થાય તે પહેલાં જ પક્ષમાં અંદરખાને અસંતોષ ફાટી નીકળવાના એંધાણ રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યા છે.

દાહોદ નગરપાલિકામાં છેલ્લા 20 વર્ષથી ભાજપ સત્તામાં છે, પરંતુ છેલ્લા પાંચ વર્ષ દરમિયાન બોર્ડની કામગીરીને લઈને આંતરિક મતભેદ અને જૂથવાદ વધુ સ્પષ્ટ બન્યો હતો. સ્થાનિક સ્તરે વિકાસકાર્યો કરતાં વધુ સમય આંતરિક ખેંચતાણમાં જ પસાર થયો હોવાના આક્ષેપો સામે આવ્યા છે.

નગરપાલિકાની આવનારી ચૂંટણી માટે સંભવિત ઉમેદવારોની સેન્સ પ્રક્રિયા દરમિયાન અનેક દાવેદારોએ પોતાના નામ રજૂ કર્યા હતા. કેટલાક દાવેદારોએ અગાઉના સત્તાધીશો સામે વહીવટી ખામીઓ અંગે નિરીક્ષકો સમક્ષ રજૂઆત પણ કરી હોવાનું જાણવા મળ્યું છે. પક્ષના જુદા જુદા જૂથો દ્વારા મેન્ડેટ મેળવવા માટે જોરદાર લોબીંગ શરૂ થઈ ગયું છે.રાજકીય વર્તુળોમાં એવી પણ ચર્ચા છે કે જો કેટલાક વર્તમાન સભ્યોને ફરીથી મેન્ડેટ આપવામાં આવશે તો તેમની જીત માટે કપરા પડકારો ઊભા થઈ શકે છે. સ્થાનિક સંસ્થાઓમાં સત્તા જાળવી રાખવા માટે ભાજપના આંતરિક જૂથો વચ્ચે વધુ ખેંચતાણ સર્જાવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે.દાહોદ નગરપાલિકાની ચૂંટણીમાં આ વખતે ભાજપ સામે વિરોધ પક્ષો પણ સક્રિય બન્યા છે. આમ આદમી પાર્ટીએ શહેરમાં પોતાની હાજરી મજબૂત બનાવવાનો પ્રયાસ તેજ કર્યો છે.

જ્યારે કોંગ્રેસ પણ ચૂંટણી મેદાનમાં ઉતરવા તૈયારીઓ કરી રહી છે. એક તરફ ભાજપમાં આંતરિક જૂથવાદ અને બીજી તરફ વિરોધ પક્ષોની સક્રિયતા વચ્ચે આ વખતે નગરપાલિકાની ચૂંટણીમાં ભારે રાજકીય ટક્કર જોવા મળશે તેવી શક્યતા વ્યક્ત થઈ રહી છે. હવે જોવાનું રહ્યું કે ગત બોડીના કામકાજથી અસંતુષ્ટ રહેલી દાહોદ નગરની જનતા આ વખતે શું નિર્ણય આપે છે.

અમદાવાદ-ઇન્દોર હાઇવે પર રોડની સાઇડમાં જઇ રહ્યો હતો

પીપલોદ હાઈવે પર અજાણ્યા વાહનની ટક્કરે યુવકનું મોત

(પ્રતિનિધિ) દાહોદ, તા. 3

ગઈકાલે બપોરે દેવગઢબારિયા તાલુકાના પીપલોદ ગામે બાયપાસ નજીક અમદાવાદ-ઈન્દોર હાઈવે પર પૂરપાટ દોડતી અજાણ્યા ફોરવીલ વાહનની ટક્કરે ઉપ વર્ષીય સ્થાનિક રહેવાસી યુવકનું સ્થળ પર જ મોત નીપજ્યાનું જાણવા મળ્યું છે. વિગત અનુસાર ગઈકાલે બપોરના લગભગ ચાર વાગ્યાના સુમારે પીપલોદ ગામે તળાવડી ફળિયામાં રહેતા ઉપ વર્ષીય પ્રસાતભાઈ સનાભાઈ પટેલ પીપલોદ ગામે બાયપાસ નજીક અમદાવાદ-ઈન્દોર હાઈવે પર રોડની સાઈડમાં પગપાળા જઈ રહ્યા હતા. તે દરમિયાન પૂર ઝડપે અને ગફલતભરી રીતે દોડતા અજાણ્યા ફોરવ્હીલ વાહને પગપાળા જઈ રહેલા તેમને ટક્કર મારી નાસી જતા ગંભીર અકસ્માતમાં પ્રસાતભાઈ સનાભાઈ પટેલને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ ઈજાતા તેમનું સ્થળ પર જ અસ્થાને જ મૃત્યુ નીપજ્યું હતું. આ સંદર્ભે પીપલોદ ગામના તળાવડી ફળિયામાં રહેતા મૃતક પ્રસાતભાઈ પટેલના પિતા સનાભાઈ દલાભાઈ પટેલે પીપલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ સંદર્ભે ફરાર અજાણ્યા ફોરવ્હીલ વાહનના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

હત્યા કે આત્મહત્યા કે ઘટના ચર્ચાતો વિષય

ગાંગરડીમાં મહુનાળા તળાવમાં અજાણ્યા પુરુષનો મૃતદેહ મળ્યો

(પ્રતિનિધિ) દાહોદ તા.3

ગરબાડા તાલુકાના ગાંગરડી ગામમાં આવેલા મહુનાળા તળાવમાંથી એક અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો છે. સવારે ગ્રામજનોએ તળાવમાં મૃતદેહ તરતો જોયો હતો, ત્યારબાદ તેમણે તાત્કાલિક ગરબાડા પોલીસને જાણ કરી હતી.માહિતી મળતા જ ગરબાડા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે મૃતદેહને તળાવમાંથી બહાર કાઢ્યો હતો અને તેની ઓળખ મેળવવા માટે તપાસ શરૂ કરી છે. જોકે આ વ્યક્તિનું મૃત્યુનું કારણ હજુ સ્પષ્ટ થયું નથી. પોલીસ એ દિશામાં પણ તપાસ કરી રહી છે કે વ્યક્તિનું મૃત્યુ તળાવમાં ડૂબી જવાથી થયું છે કે તેની હત્યા કરવામાં આવી છે.

સચોટ માહિતી તપાસ પૂર્ણ થયા બાદ જ બહાર આવશે. પોલીસે આસપાસના વિસ્તારોમાં પૂછપરછ શરૂ કરી છે અને મૃતદેહની ઓળખ તેમજ મૃત્યુના કારણ અંગે વધુ વિગતો મેળવવાના પ્રયાસો ચાલુ છે.

સગાઈ તોડી બીજે લગ્ન કરી લેતા ધાકધમકી અને છેડતી કરી હતી

કાલોલ કસ્બામાં છેડતી કરનાર બે આરોપીના જામીન નામંજૂર

(પ્રતિનિધિ) કાલોલ, તા. 3

કાલોલ કસ્બા વિસ્તારમાં ગત સાત તારીખે સગાઈ તોડી લગ્ન કરી લેનાર પરણિતા ને ધાક ધમકીઓ આપી છૂટાછેડા કરાવી દેવાની અને હાથ પકડી છેડતી કરનાર તુફેલખાન ઈકબાલખાન પઠાણ અને તેનો સાગરીત મોઈનભાઈ રફિકભાઈ બેલીમ ઉપર ફરિયાદ દાખલ થયા બાદ બન્ને ની કાલોલ પોલીસે ગત ગુરુવારે અટકાયત કરી શુક્રવારે

કાલોલ કોર્ટ સમક્ષ રજૂ કર્યા હતા જ્યાં તેઓની જામીન અરજી નામંજૂર કરી જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપ્યા હતા જ્યાંથી તેઓએ કાયમી જામીન મેળવવા હાલોલ ના એડી સેશન્સ કોર્ટમાં અરજી દાખલ કરી હતી જ્યાં બન્ને પક્ષોની દલીલો સાંભળી ૩ જા એડી સેશન્સ જજ દ્વારા બન્ને આરોપીઓ ની જામીન અરજી નામંજૂર કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે છેડતી ની ફરીયાદ થયા બાદ પણ આ બન્ને આરોપીઓ અને તેમના સગા સંબંધીઓ દ્વારા ફરિયાદ પક્ષ સાથે ઝઘડો તકરાર કરી મારામારી કરી પથ્થર મારો કરેલ જેની સામસામે ફરિયાદો પણ થવા પામી છે.

31 તારીખે સર્જાયેલી દુર્ઘટનામાં ચાલક સામે ફરિયાદ નોંધાઈ

ફતેપુરામાં શ્રમિકો ભરેલો ટેમ્પો પલટ્યો, કિશોરીનું મોત

(પ્રતિનિધિ) દાહોદ, તા. 3

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના મોટીરેલ ગામના બાબુભાઈ ગલાભાઈ કટારા અને તેમનો પરિવાર મજૂરી કામ અર્થે ગયો હતો. કામ પૂરું કરીને પરત ફરતી વખતે તેઓ આઈસર ટેમ્પો માં અન્ય શ્રમિકો સાથે સવાર હતા. ટેમ્પો માધવા ગામના ઢાળ પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે ચાલક રાજુભાઈ ચાઉલભાઈ ચારેલે વાહન પરથી કાબૂ ગુમાવ્યો હતો. ટેમ્પો ગફલતભરી રીતે હંકારી ઢાળ ચડાવતી વખતે અચાનક પાછળની તરફ ઉથલી પડ્યો હતો.

ટેમ્પો પલટી જતાં તેના પાછળના ભાગે બેઠેલી બાબુભાઈની 15 વર્ષીય પુત્રી, કોમલબેન બાબુભાઈ કટારા, ગાડીના ઠાઠા નીચે દબાઈ ગઈ હતી. 108 મારફતે ફતેપુરા સરકારી દવાખાને ખસેડવામાં આવી હતી, જ્યાં ફરજ પરના ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી હતી.

મનરેગા યોજનામાં ગડબડીનો આક્ષેપ

વેજલપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં રૂ. 9.89 લાખની ચૂકવણી પર સવાલ

(પ્રતિનિધિ) કાલોલ, તા. 3

કાલોલ તાલુકાના વેજલપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં મનરેગા યોજનાના અમલી અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા કામો થયા વિના જ મજૂરી ચૂકવણી અને સામગ્રીના બિલોને મંજૂરી આપવા પ્રયત્ન કરવામાં આવી રહ્યો હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. જાહેર રજાના દિવસે ટેકનિકલ આસિસ્ટન્ટ દ્વારા સ્થળ પર ગુપ્ત રીતે માપતાલ કરવામાં આવી હોવાના દશ્યો CCTVમાં કેદ થયા હોવાનું જણાવાયું છે, જેના કારણે સમગ્ર મામલો ચર્ચાનો વિષય બન્યો છે.માહિતી મુજબ 31 માર્ચ, 2026ના જાહેર રજાના દિવસે મોટી મસ્જિદ પાછળના વાલ્મિકીવાસ ટેકરી વિસ્તારમાં તેમજ ચલાલી રોડથી ઈસ્માઈલ પાડા તરફ જતા માર્ગ સહિતના વિસ્તારોમાં મનરેગા ટેકનિકલ આસિસ્ટન્ટ દ્વારા સ્થળ મુલાકાત લેવામાં આવી હતી.રજાના દિવસે માપતાલ કરવા પાછળનું કારણ શું હતું તે અંગે સ્થાનિક સ્તરે સવાલો ઉઠી રહ્યા છે. આ કાર્યવાહી સામગ્રીના બિલોને મંજૂર કરાવવા માટે કરવામાં આવી હોવાની ચર્ચાઓ પણ ચાલી રહી છે.માજી તાલુકા પંચાયત સભ્ય સલીમભાઈ કઠિયાના જણાવ્યા મુજબ બે નાળા, બે સી.સી. રોડ, ત્રણ પેવર બ્લોક તથા 18 માટી-મેટલના કામ સહિત કુલ 25 કામોમાંથી ઘણા કામો સ્થળ પર થયેલા નથી અથવા અધૂરા છે, છતાં અંદાજે રૂ. 9,89,081ની મજૂરી ચૂકવણી થઈ ચૂકી છે.ઓનલાઈન ડેટા મુજબ સામગ્રીના બિલો હજુ દાખલ ન હોવા છતાં તેમને મંજૂર કરવાની પ્રક્રિયા ચાલી રહી હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે.

પાવાગઢ પોલીસ મથકમાં ફરજ બજાવતા સુનિલ શર્માને ASI તરીકે પ્રમોશન

(પ્રતિનિધિ) હાલોલ,તા.3

પંચમહાલ જિલ્લાના પાવાગઢ પોલીસ મથકમાં પોલીસ માં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓને જિલ્લા પોલીસ વડા દ્વારા તાજેતરમાં સામૂહિક ઓર્ડર મારફતે બઢતી આપી એ.એસ.આઈ નું પ્રમોશન આપવામાં આવ્યું છે. જેમાં પાવાગઢ પોલીસ મથકના હેડ કોસ્ટેબલ સુનિલ શર્મા ને એ.એસ.આઇ ની બઢતી સાથે સાથે જે તે પોલીસ મથકમાં જ નવી જવાબદારી સોંપવામાં આવી છે જેના કારણે સાથી કર્મચારી તથા સ્થાનીક આગેવાનો અને જનતા દ્વારા તેઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

ફતેપુરા એમ.જી.વી.સી.એલની બેદરકારી સામે આવી

ખોટા મીટર રીડિંગ અને બિલમાં ગોટાળો,આક્રોશ

(પ્રતિનિધિ) સુખસર,તા.3

સુખસર વિસ્તારના પ્રથમ બનાવમાં એક ગ્રાહકના હાલના મીટર રીડિંગમાં 5536 યુનિટ જોવા મળ્યા હતા.જ્યારે અગાઉ મીટર રીડિંગ લેવા આવેલા કર્મચારી દ્વારા 5673 યુનિટ નોંધાયા હતા.એટલે કે, સતત બે વખત ખોટા રીડિંગ નોંધાતા ગ્રાહકમાં અસંતોષ ફેલાયો હતો.આ મામલે ગ્રાહકે તપાસ દરમ્યાન ગ્રાહકની વાત સાચી હોવાનું બહાર આવ્યું. ત્યારબાદ વિદ્યુત વિભાગના મુખ્ય ઈજનેર ચૌધરી સાથે ટેલિફોનિક વાતચીત કરવામાં આવી હતી.તેમણે ખાતરી આપી કે સમગ્ર મામલાની તપાસ કરી યોગ્ય સુધારો કરવામાં આવશે. બીજા બનાવમાં, એક અન્ય ગ્રાહકને રૂપિયા14,000 બાકી હોવાનું જણાવાયું હતું. ગ્રાહકે જણાવ્યું કે, તેઓ રૂપિયા10,000 પહેલેથી જ ભરી ચૂક્યા છે અને રૂપિયા 4,000 નું બિલ તાજેતરમાં બન્યું છે.પરંતુ સ્ટાફ દ્વારા ઓનલાઈન ડેટા મુજબ પૂરી રકમ ભરવાની વાત કરવામાં આવી હતી.ત્યારબાદ ગ્રાહકે પોતાના પાસે રહેલી રસીદ બતાવતા મામલો સ્પષ્ટ થયો હતો.

કાયદેસરનું લેણું પુરવાર ન થતાં કાલોલ કોર્ટનો મહત્વપૂર્ણ ચુકાદો

રૂ. 4.85 લાખના ચેક રીટર્ન કેસમાં આરોપી નિર્દોષ,દાવો સાબિત ન થયો

(પ્રતિનિધિ) કાલોલ, તા. 3

કાલોલ તાલુકાની એડી. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટ દ્વારા રૂ. 4.85 લાખના ચેક રીટર્ન કેસમાં મહત્વપૂર્ણ ચુકાદો આપતા આરોપીને નિર્દોષ જાહેર કરવામાં આવ્યો છે. ફરિયાદી પોતાની તરફથી આપેલા નાણાં અંગે કાયદેસરનું લેણું અને નાણાકીય ક્ષમતા પુરવાર કરવામાં નિષ્ફળ રહેતા કોર્ટે આરોપી રતનસિંહ અમરસિંહ પરમાર (મુ. દાતોલ, તા. ઘોઘંબા)ને છોડી મૂકવાનો આદેશ કર્યો હતો.

ગેંગડિયા ગામે રહેતા ગણપતસિંહ ઝીણાભાઈ સોલંકીએ આરોપી સાથે પારિવારિક ઓળખાણને આધારે તા. 27/09/2019ના રોજ રૂ. 5 લાખ ઉધાર આપ્યાનો દાવો કર્યો હતો. બાદમાં ઉઘરાણી કરતાં રૂ. 15,000 રોકડા અને બાકીની રકમ રૂ. 4,85,000નો ચેક આપવામાં આવ્યો હતો, જે અપૂરતા ભંડોળના કારણે રિટર્ન થયો હતો. ત્યારબાદ ફરિયાદીએ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ કાલોલ કોર્ટમાં ફરિયાદ નોંધાવી હતી.સુનાવણી દરમિયાન આરોપી તરફથી એડવોકેટ એસ.એસ. શેઠે દલીલ કરી હતી કે ચેક અન્ય વ્યક્તિને આપવામાં આવ્યો હતો અને તેનો દુરુપયોગ કરીને ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ તમામ પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને એડી. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એસ.એસ. પટેલે ફરિયાદી કાયદેસરનું લેણું પુરવાર કરવામાં નિષ્ફળ રહ્યો હોવાનું માન્ય રાખી આરોપીને નિર્દોષ જાહેર કરવાનો હુકમ કર્યો હતો.

રાજ્ય મંત્રી રમેશભાઇ કટારાએ ફુલહારથી સ્વાગત કર્યું

સુખસર TDO તરીકેનો ચાર્જ કિરીટભાઈ રાઠવાને મળ્યો

(પ્રતિનિધિ) સુખસર,તા.3

લાંબા સમયથી તાલુકાના પડતર પ્રશ્નોના નિરાકરણ અને ગ્રામીણ કક્ષાએ સરકારી યોજનાઓનો વ્યાપ વધારવા માટે સરકાર દ્વારા સુખસર તાલુકામાં તાલુકા વિકાસ અધિકારીનો ચાર્જ કિરીટભાઈ કે.રાઠવાને સોંપવામાં આવ્યો છે.તેઓ અગાઉ જિલ્લા પંચાયત કચેરી છોટા ઉદેપુર ખાતે વિસ્તરણ અધિકારી (પંચાયત) તરીકે ફરજ બજાવતા હતા.તેઓ હવે સુખસર તાલુકા વિકાસ અધિકારી તરીકે કામગીરી સંભાળશે.

આ અવસરે રાજ્ય મંત્રી રમેશભાઈ કટારા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.દ્વારા તેમનું ફુલહાર પહેરાવી હાર્દિક સ્વાગત કરાયું હતું. અને આશા વ્યક્ત કરવામાં આવી હતી કે,તાલુકા વિકાસ અધિકારી રાઠવાની કાર્યશૈલીથી સુખસર તાલુકાના વિકાસ કાર્યોને નવી ઊંચાઈ મળશે.

વેજલપુર પાસે હોટલ પાર્કિંગમાં તસ્કરો ત્રાટક્યા

ભોપાલના કોન્ટ્રાક્ટરની બોલેરો કારનો કાચ તોડી રૂ. 1 લાખની ચોરી

(પ્રતિનિધિ) કાલોલ, તા. 3

પાવાગઢ દર્શન કરીને પરત ફરી રહેલા મધ્યપ્રદેશના ભોપાલના સરકારી કોન્ટ્રાક્ટરની કારને નિશાન બનાવી અજાણ્યા તસ્કરોએ હોટલના પાર્કિંગમાંથી રૂ. 1 લાખથી વધુની રોકડ રકમની ચોરી કરી ફરાર થઈ જતા વિસ્તારમાં ચકચાર મચી છે. બનાવ અંગે વેજલપુર પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

માહિતી મુજબ ભોપાલના સરકારી કોન્ટ્રાક્ટર વિનોદપ્રસાદ યાદવ પોતાના મિત્ર અને ડ્રાઈવર સાથે બોલેરો કારમાં પાવાગઢ દર્શન કરવા આવ્યા હતા. પરત ફરતી વખતે રાત્રે વેજલપુર નજીક આવેલી હોટલ ગ્રાન્ડ એકતા ખાતે જમવા માટે રોકાયા હતા. કાર પાર્કિંગમાં લોક કરીને મુક્યા બાદ પરત ફરતા કારની સાઈડનો કાચ તૂટેલો જોવા મળ્યો હતો. કારની તપાસ કરતા પાછળની સીટ પર રાખેલા મરુન રંગના પાકીટમાંથી રૂ. 1,00,000 રોકડા તેમજ અંદાજે રૂ. 500 થી 700 જેટલી પરચુરણ રકમ ગાયબ હોવાનું જણાયું હતું.

ચોરીની ઘટના બાદ હોટલના CCTV ફૂટેજ તપાસવામાં આવ્યા હતા, પરંતુ તેમાં કોઈ સ્પષ્ટ માહિતી મળી નહોતી. ત્યારબાદ વિનોદપ્રસાદ યાદવે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ઈસમો સામે ચોરીનો ગુનો દાખલ કરી તસ્કરોને ઝડપી પાડવા તપાસ તેજ બનાવી છે.